જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૪૦૩ લીટર દેશી દારૂ, ૧૬૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૯૩ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ લોડીંગ ટેમ્પો કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૫૦,૬૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૮૫/૨૦૨૬**

નવરંગપુરાઃ અતીકએહમદ સ/ઓ સૈયદએહમદ સૈયદ (ઉ.વ.૫૪) (રહે. સૈયદ વીલા એપાર્ટમેન્ટ, મેટ્રો સીટી બેકરી પાસે, જુહાપુરા) એ તા.૧૮/૦૧/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા કોમર્સ સ્ટેડીયમ રોડ, વેદાંત હોસ્પિટલ સામે કામેક્સ હાઉસમા આવેલ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નંબર ૧ થી ૫ "ઈન્સ્ટાકાર્ટ સર્વીસીસ પ્રાઈવેટ લી." નામની દુકાનમાં નોકરી કરતા કર્મચારી (૧) આદીત્ય ભદ્રેશકુમાર સોની (રહે,ઓસવાલ શેરી, પંચભાઈની પોળ, કાલુપુર) અને (૨) એઝાઝ અબ્દુલભાઇ શેખ (રહે, લઘ્ધુ રાઇજીનો વંડો, અલ્કા વેલ્ડીગની ઉપર, મિરઝાપુર) એ ભેગામળી દુકાન ઉપર તેઓની નોકરી દરમ્યાન મોબાઈલ નંગ–૦૬ કુલ કિંમત રૂપિયા ૧,૩૧,૨૫૫/– મતાના ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી